# સુરત મહાનગરપાલિકા

**કાર્યપાલક ઈજનેર**
નવો પૂર્વ ઝોન(સરથાણા)
સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં,
શ્યામધામ મંદિર ચાર રસ્તા પાછળ,
સરથાણા, સુરત.

ફોન : (ઓફીસ) + ૯૧ ૬૩૫૯૯૦૯૬૦૬
+ ૯૧ ૬૩૫૯૯૦૯૫૦૬

ઈ–મેઈલઃ
exen.ez.north@suratmunicipal.org

ઈ.ઝેડ/ સંમતિ પત્ર/ નં.૪૦૮૪
તા. ૨૪/૦૭/૨૦૨૬

**–: સંમતિ પત્રઃ–**

**પ્રતિ,**

**વિષય :**– નવો પૂર્વ ઝોન (સરથાણા) માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમમાં સમાવિષ્ટ વિસ્તારોમાં આવેલ વિવિધ ગાર્ડન તેમજ ગાર્ડનના રિઝર્વેશનના ખુલ્લા પ્લોટોમાં જી.આઈ.ચેઈનલીંક ફેન્સીંગ, એમ.ગ્રીલ, બાર્બેડ ફેન્સીંગ તથા કોઈલ ફેન્સીંગ કરવાનાં કામ બાબત.

**સંદર્ભ :**– (૧) સ્થા.સ.ઠ.નં.૯૮૪/૨૦૨૬, તા.૦૬/૦૬/૨૦૨૬ થી મંજુર થયેલ ભાવે અને શરતે
(૨) મે.ડે.મ્યુ.કમિશનરશ્રી તા.૨૨/૦૭/૨૦૨૬ ના રોજની મંજુરી

**મહાશય,**

નવો પૂર્વ ઝોન (સરથાણા) માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમમાં સમાવિષ્ટ વિસ્તારોમાં આવેલ વિવિધ ગાર્ડન તેમજ ગાર્ડનના રિઝર્વેશનના ખુલ્લા પ્લોટોમાં જી.આઈ.ચેઈનલીંક ફેન્સીંગ, એમ.ગ્રીલ, બાર્બેડ ફેન્સીંગ તથા કોઈલ ફેન્સીંગ કરવાના કામે સંદર્ભ (૧) મુજબ સ્થા.સ.ઠ.નં.સ્થા.સ.ઠ.નં.૯૮૪/૨૦૨૬, તા.૦૬/૦૬/૨૦૨૬ થી મંજુર થયેલ ભાવે અને શરતોને આધિન રૂા.૫,૦૦,૦૦૦.૦૦ (**GST** સહિત) ની ખર્ચ મર્યાદામાં કામગીરી કરાવવાનું સંદર્ભ (૨) હેઠળથી મંજુરીથી મંજુર કરવામાં આવેલ છે. જે કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ તા.૩૧/૦૭/૨૦૨૬ સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

**–: શરતો :–**

૧. અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૫,૦૦૦ /– ની આપવાની રહેશે.
૨. ઈજારદારે ફર્મનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલ કામના તથા ચાલુ કામના વર્કઓર્ડરની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૪. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૫. ઈજારદારે શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતોને બંધનકર્તા રહેશે.
૬. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.
૭. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રેહેશે.
૮. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૯. સદર કામગીરી બાબતે અત્રેના ગાર્ડન વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.
૧૦. સદર કામગીરી ઉકત મંજુર થયેલ યુનીટ રેઈટ ટેન્ડરના Detailed Technical Specification મુજબ કરવાની રહેશે.

**- sd -**
**કાર્યપાલક ઈજનેર**
**નવો પૂર્વ ઝોન(સરથાણા)**
**સુરત મહાનગરપાલિકા**

**સ.ર. એકઝીકયુટીવ આસી.શ્રી, પ્રતિ,**
**આઈ.એસ.ડી. વિભાગ, મુખ્ય કચેરી**

**વિષય :– સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર સંમતિ પત્ર પ્રસિધ્ધ કરવા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે નવો પૂર્વ ઝોન (સરથાણા)માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમમાં સમાવિષ્ટ વિસ્તારોમા આવેલ વિવિધ ગાર્ડન તેમજ ગાર્ડનના રિઝર્વેશનના ખુલ્લા પ્લોટોમાં જી.આઈ. ચેઈનલીંક ફેન્સીંગ, એમ.ગ્રીલ, બાર્બેડ ફેન્સીંગ તથા કોઈલ ફેન્સીંગ કરવાના કામે આવા પ્રકારની કામગીરી કરતા ઈજારદારો પાસેથી સંમતિ મંગાવવા મે. ડે.કમિશ્નરશ્રીની તા.૨૨/૦૭/૨૦૨૬ ની મંજુરી મળેલ છે. જે સંમતિ પત્ર રજુ કરવાની અંતિમ તા.૩૧/૦૭/૨૦૨૬ રાખવામાં આવેલ છે. જે મુજબ સદરહું કામે મંગાવવા જોગ સંમતિ પત્રને સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી. જેની સોફટ કોપી ftp;//10.11.1.2/East Zone-B/Garden/Chainlink ફોલ્ડરમાં મુકવામાં આવેલ છે. જે આપશ્રીને વિદીત થાય.

**- sd -**
**કાર્યપાલક ઈજનેર**
**નવો પૂર્વ ઝોન(સરથાણા)**
**સુરત મહાનગરપાલિકા**